# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-08-2024 બપોરે : 1.20થી 1.30
વાર : બુધવાર

આકાશવાણી
સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી પૉલેન્ડ અને યુક્રેનના ત્રણ દિવસીય પ્રવાસે રવાના..
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે 19માં CII - ભારત - આફ્રિકા વેપાર સંમેલનને સંબોધન કરતા લોકલ ફોર વોકલ થવા અપીલ કરી..
- ✓ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ 23થી 26 ઑગસ્ટ સુધી અમેરિકના પ્રવાસે જશે..
- ✓ ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસની સતત બીજા વર્ષે વિશ્વના ટોચના સેન્ટ્રલ બેન્કર તરીકે પસંદગી.
- ✓ આજે ઉત્તરપૂર્વીય ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM-DEPARTURE STATEMENT*

પ્રધાનમંત્રી મોદીએ પૉલેન્ડને મધ્ય યુરોપનું મહત્વનું આર્થિક ભાગીદાર ગણાવ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે ભારત અને પૉલેન્ડ લોકતંત્ર, બહુલવાદ તેમજ બંને દેશોના સંબંધોને મજબૂત બનાવવા માટે પતિબદ્ધ છે. પૉલેન્ડ અને યુક્રેનના પ્રવાસ માટે રવાના થતા પહેલા પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમનો આ પૉલેન્ડ પ્રવાસ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોના 70 વર્ષ પૂર્ણ થયાના પ્રસંગે યોજાઈ રહ્યો છે.

વધુમાં તેમણે પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક અને રાષ્ટ્રપતિ એન્ડ્રેજ ડૂડા સાથે મુલાકાત લઈને લઈને ઉત્સુક હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે તેઓ પૉલેન્ડમાં ભારતીય સમુદાય સાથે પણ મુલાકાત કરશે.

પ્રધાનમંત્રી તેમના યુક્રેન પ્રવાસ દરમિયાન વ્લોદોમીર ઝેલેન્સ્કી સાથે બેઠક કરશે. કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પ્રથમ યુક્રેન પ્રવાસ છે. તેમણે યુક્રેનમાં શાંતિ અને સ્થિરતાની આશા વ્યક્ત કરી હતી. શ્રી મોદી રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે દ્વીપક્ષીય સહકાર અને યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ અંગે ચર્ચા કરશે.

## *VP US CONFERENCE _ UPDATED*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે નવી દિલ્હીમાં 19માં CII - ભારત - આફ્રિકા વેપાર સંમેલનનાં ઉદ્ઘાટન સત્રને સંબોધતા કોર્પોરેટ્સ, વેપારી સંઘ, વેપારી સંગઠનો, વેપારી નેતાઓને આર્થિક રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવાની અપીલ કરી. વધુમાં તેમણે વોકલ ફોર લોકલ બનતા સ્વદેશી વિચારધારામા વિશ્વાસ રાખવા તેમજ જરૂર હોય એટલું જ આયાત કરવા અપીલ કરી હતી.

ત્રણ દિવસના આ સંમેલનમાં વેપાર, રોકાણ, માળખાગત સુવિધાઓ, આરોગ્ય અને સારવાર તેમજ ટેક્નોલોજી જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. આ સંમેલનમાં 65

દેશોના 11થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 47 આફ્રિકી દેશોથી છે.

## *RAJNATH SINGH US VISIT*

અમેરિકાના સંરક્ષણ સચિવ લૉઈડ ઑસ્ટિનના નિમંત્રણ પર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ 23થી 26 ઑગસ્ટ સુધી અમેરિકાના પ્રવાસે જશે. દરમિયાન સંરક્ષણ મંત્રી પોતાના અમેરિકી સમકક્ષ સચિવ ઑસ્ટિનની સાથે દ્વિપક્ષી બેઠક કરશે. તેઓ સંયુક્ત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવન સાથે પણ મુલાકાત કરશે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પ્રવાસ ભારત-અમેરિકા મજબૂત થતાં સંબંધો તેમજ અનેક સ્તર પર સંરક્ષણ સાથે સંકળાયેલી પૃષ્ઠભૂમિમાં યોજાઈ રહી છે. આ પ્રવાસથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત થવાની આશા છે.

દરમિયાન શ્રી સિંહ અમેરિકાના સંરક્ષણ ઉદ્યોગ સાથે ચાલતા અને ભવિષ્યના સંરક્ષણ સહયોગ અંગેની ઉચ્ચ સ્તરની બેઠકની પણ અધ્યક્ષતા કરશે. પ્રવાસ દરમિયાન તેઓ ભારતીય સમુદાય સાથે સંવાદ પણ કરશે.

## *ED INDIA TRACK 1.5 CONFERENCE*

ભારતમાં યુરોપીય સંઘના રાજદૂત હર્વે ડેલ્ફિને આતંકવાદ અને ઉગ્રવાદ વચ્ચેના દુષ્પ્રચારના ઇન્ટરનેટના ઉપયોગના પડકારોને પાર પાડવા માટે સાથે મળીને પ્રયાસ કરવા આહ્વાન કર્યું છે.

આજે નવી દિલ્હીમાં યુરોપિય સંઘ-ભારત સંમેલનને સંબોધન કરતા શ્રી ડેલ્ફિને કહ્યું કે આ પડકારોને પાર પાડવા યુરોપિય સંઘ પાસે લાંબો અને પૂરતો અનુભવ છે.

તેમણે કહ્યું કે ઑનલાઇન નેટવર્ક માનવીય પાસાઓના સારા અને ખરાબ બંને પક્ષોને પ્રતિબિંબિત કરી શકે છે.

ભારતના પૂર્વ વિદેશ સચિવ અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ચાંન્સેલર ડૉ. કંવલ સિબ્બલે આશા વ્યક્ત કરી છે, ઑનલાઇન નફરત ફેલાવતી સમગ્રી પર બે દિવસની આ ચર્ચા સાર્થક રહેશે.

યુરોપિય સંઘના ગ્લૉબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ અને વિદેશ મંત્રાલયના સહકારથી ઑનલાઇન આતંકવાદી સમગ્રીને પાર પાડવા માટે બે દિવસીય યુરોપીય સંઘ-ભારત ટ્રેક સંમેલનનું આયોજન કરાયું છે.

આ સંમેલનનો હેતુ ડિજિટલ ક્ષેત્રે નફરત અને ઉગ્રવાદના જોખમોને પાર પાડવા માટેના ઉકેલો શોધવાનો છે.

## *RBI GOVERNOR A PLUS RATING*

ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસને સતત બીજા વર્ષે વિશ્વના ટોપ સેન્ટ્રલ બેન્કર તરીકે પસંદગી પામ્યા છે. ગ્લૉબલ ફાઈનાન્સ સેન્ટ્રલ બેન્કર રિપોર્ટ કાર્ડ 2024 તરફથી તેમને એ પ્લસ ક્રમાંક પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી દાસને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતીય રિઝર્વ બેન્કમાં તેમના નેતૃત્વ, આર્થિક વિકાસ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાની દિશામાં તેમના કામને માન્યતા મળી છે.

રિઝર્વ બેન્કે ગત મંગળવારે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું, ગ્લોબલ ફાઇનાન્સ સેન્ટ્રલ બેન્કર રિપોર્ટ કાર્ડમાં શ્રી દાસને એ પ્લસ ગ્રેડ આપી તેમને વિશ્વના ટોપ બેન્કર જાહેર કરાયા છે. રિપોર્ટના મતે, શ્રી દાસ ઉપરાંત ડેનમાર્કના ક્રિશ્ચિયન થૉમસન અને સ્વિત્ઝર્લેન્ડના થૉમસ જૉર્ડનને પણ એ પ્લસ ક્રમાંક મળ્યો છે.

## *EPFO MEMBER*

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન – EPFOએ આ વર્ષે જૂનમાં 19 લાખ, 29 હજાર સભ્યો જોડ્યા છે, જે ગત વર્ષે આ જ મહિનાની સરખામણીએ સાત ટકાથી વધુના વધારાને દર્શાવે છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું છે કે સભ્યોની વધતી સંખ્યાને, રોજગારની તકો સહિત અન્ય કારણો સાથે જોડીને જોઈ શકાય છે. આંકડાઓ અનુસાર આ વર્ષે જૂન દરમિયાન અંદાજે 10 લાખ, 25 હજાર નવા સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી.

## *GOVT - LATERAL ENTRY*

કેન્દ્રીય જાહેર સેવા આયોગ-યુપીએસસીએ લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરી છે. અગાઉ, સરકારે યુપીએસસીને લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરવા નિર્દેશ આપ્યો હતો. યુપીએસસીએ તાજેતરમાં કેન્દ્રીય મંત્રાલયોમાં 45 સંયુક્ત સચિવો, નિયામકો અને નાયબ સચિવોની નિયુક્તિ માટેની જાહેરાત પ્રસિદ્ધ કરી હતી, જેની સામે વિરોધ પક્ષોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા.

કેન્દ્રીય કાર્મિક અને લોક ફરિયાદ મંત્રી ડોક્ટર જીતેન્દ્ર પ્રસાદે યુપીએસસીના ચેરમેન પ્રિતી સુદાનને પત્ર લખીને જાહેરાત રદ કરવા જણાવ્યું હતું.

દરમિયાન, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, લેટરલ એન્ટ્રીને અનામતના સિધ્ધાંતો સાથે સંલગ્ન કરવાનો નિર્ણય સામાજિક ન્યાય પ્રત્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રધિબધ્ધતા સૂચવે છે.

## *IMD-TRIPURA-KERELA*

હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો સુધી દેશના પૂર્વ, ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભાગોમાં ભારે વરસાદને જોતાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 25 ઑગસ્ટ સુધી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ

પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની સંભાવના છે.

ત્રિપુરામાં સતત વરસાદના કારણે ખોવઈ અને ધલાઈ જિલ્લા પ્રશાસને આજે સરકારી અને ખાનગી શાળાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જ્યારે અગરતલા એરપોર્ટ પર છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 100 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

તો આ તરફ હવામાન વિભાગે કેરળના છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપી છે.

કેરળ અને લક્ષદ્વીપના દરિયાકાંઠે 55 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવનાને પગલે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

## *JAMMU KASHMIR*

જમ્મૂ કાશ્મીરમાં સુરક્ષા દળોએ ગઈકાલે રાજૌરી જિલ્લામાં એક ભૂગર્ભ જગ્યા શોધી કાઢી છે, જેનો આતંકવાદીઓ ઉપયોગ કરી રહ્યા હતા. અંતરિયાળ દરહાલ જિલ્લાના સાગરવત જંગલમાં પોલીસ, સેના અને સીઆરપીએફના સંયુક્ત દળો દ્વારા ઘેરાબંધી અને તપાસ દરમિયાન આ જગ્યા મળી આવી હતી.

જોકે સુરક્ષાબળોએ હજી સુધી કોઈની ધરપકડ કરી નથી. આશંકા છે કે સ્થળનો ઉપયોગ કરનારા આતંકવાદીઓ પહેલા જ ભાગવામાં સફળ રહ્યા હતા. આ તરફ બસંતગઢમાં સોમવારે આતંકવાદીઓએ સીઆરપીએફ જવાનો પર ગોળીબાર કરતા એક અર્ધસૈનિક દળના અધિકારી શહીદ થતા તપાસ અભિયાન તેજ બનાવાયું છે.

## *IRAN - PILGRIMS DEATH*

મધ્ય ઇરાનમાં બસ અકસ્માતમાં આશરે 28 જેટલા લોકોના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, આ બસ પાકિસ્તાનથી ઈરાક શિયા યાત્રાળુઓને લઈને જઈ રહી હતી. બસમાં અરબાઈન માટે 51 યાત્રાળુઓ હતા.

ઉપરાંત આજે વહેલી સવારે અન્ય એક ઘટનામાં, સિસ્તાન અને બલુચેસ્તાન પ્રાંતમાં બસ અકસ્માતમાં છ લોકોના મોત અને 18 લોકો ઘાયલ થયા હતા.

મળતી માહિતી અનુસાર ઈરાનમાં ટ્રાફિક કાયદાના નબળા પાલનને કારણે દર વર્ષે અંદાજે 17,000 જેટલા લોકો જાનહાનિનો ભોગ બને છે.

## *SRI LANKA POLLS*

શ્રીલંકામાં શ્રીલંકા પોડુજના પેરામુના પાર્ટી – LSPPનું પ્રતિનિધિત્વ કરતા સાંસદો માટે નવા રાજકીય પક્ષની રચના અંગે ગઈકાલે વિશેષ બેઠક યોજાઈ ગઈ. પ્રધાનમંત્રી દિનેશ ગુનાવર્ધનેની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં LSPPના 100થી વધુ સાંસદ ઉપસ્થિત રહ્યા હતા. ચર્ચા દરમિયાન નવા રાજકીય પક્ષના નામ અંગે અનેક પ્રસ્તાવ રજૂ કરાયા. સભ્યોએ કહ્યું, કે તેઓ નવા રાજકીય પક્ષની રચના સંવિધાન મુજબ કરશે.

ઉલ્લેખનીય છે કે, LSPP શ્રીલંકામાં આગામી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને સમર્થન આપવાની ઈચ્છા દર્શાવે છે